RAJKOT CHAMBER OF COMMERCE & INDUSTRY



# રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા PGVCL ના એમડીશ્રીમતી પ્રિતી શર્મા મેડમના અધ્યક્ષસ્થાને તથા વિવિધ સબ ડિવીઝનના અધિકારીશ્રીઓ સાથે વિજળીને લગતા વિવિધ પ્રશ્નોના નિરાકરણ માટે ઓપન હાઉસનું આયોજન કરવામાં આવેલ...

રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા PGVCL એમડીશ્રીમતી પ્રિતી શર્મા મેડમ, ચીફ એન્જીનીયર (ટેક) શ્રી આર. સી. પટેલ, ચીફ એન્જીનીયર (પ્રોજેકટ) શ્રી આર. જે વાળા, તથા સિનિયર વિવિધ સબ ડિવીઝનના અધિકારીશ્રીઓ સાથે વિજળીને લગતા વિવિધ પ્રશ્નોનું યોગ્ય નિરાકરણ લાવવા તા.૩૧-૭-૨૦૨૪ ના રોજ પીજીવીસીએલ, કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, રાજકોટ ખાતે ઓપન હાઉસ યોજવામાં આવેલ. જેમાં બહોળી સંખ્યામાં વિવિધ એસોસીએશનના હોદેદારો તથા અરજદારો હાજર રહયા હતા.

રાજકોટ ચેમ્બરના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવએ પ્રથમ એમડીશ્રીમતી પ્રિતી શર્મા મેડમને બુકે આપી સ્વાગત કરી ઓપન હાઉસ ખુલ્લો મુકેલ તેમજ ચીફ એન્જીનીયર(ટેક) શ્રી આર. સી. પટેલ, ચીફ એન્જીનીયર (પ્રોજેકટ) શ્રી આર. જે વાળા, GETCO ના અધિક્ષક ઈજનેરશ્રી પી.કે. વરસડાનું શાબ્દીક અભિવાન કરી સૌને આવકારતા જણાવેલ કે રાજકોટ ચેમ્બર હરહંમેશ વેપાર-ઉધોગકારો અને આમ જનતાના ઉદભવતા પ્રશ્નોનું યોગ્ય નિરાકરણ લાવવા માટે અગ્રેસર રહી સરકારશ્રી તથા વિવિધ વિભાગોમાં એક સેતુ બની કાર્ય કરી રહયું છે. અમારી પાસે વેપાર-ઉધોગકારો, અને આમ જનતાને વીજળીને લગતી ઘણી ફરીયાદો હોય તેને ધ્યાનમાં લઈ ઓપન હાઉસનું આયોજન કરેલ છે. જેમાં રજુ થનાર મહતમ પ્રશ્નોનું નિરાકરણ લાવવા પ્રયાસ કરીશું તેમજ નિતી વિષયક પ્રશ્નો માટે સરકારશ્રી સમક્ષ રજુઆત કરીશું.

રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા વિજળીને લગતા નીચે મુજબ પ્રશ્નો ધ્યાને મુકેલ.

(૧) વિકસતા જતા રાજકોટ શહેરમાં રીંગ રોડ - ૨ તથા આસપાસના સરાઉન્ડીંગ એરીયામાં આશરે 500 MW જેવો લોડ નજીક ભવિષ્યમાં જોડાઈ શકે તેમ હોય માટે વ્હેલાસર 33 KV સીસ્ટમ અમલમાં મુકવી.

(૨) હૈયાત સબડિવીઝનો તેમજ ગ્રાહકોના ભારણના હિસાબે નવા સબડિવીઝનોના નિર્માણ કરતા તમામ પેરામીટરને ધ્યાને લઈ સબડિવીઝન અને ફીડરની રચના કરવી. જેના કારણે ફીડરનું ક્રોસીંગ ઘટશે, અકસ્માતો ઘટશે અને પાવર રિસ્ટોર અને ગ્રાહકોની સમસ્યાનું નિરાકણ વ્હેલાસર થશે તેમજ DISCOM ને ખર્ચનું ભારણ ઘટશે.

(3) રાજકોટ આસપાસના વિવિધ ઈન્ડસ્ટ્રીયલ એરીયામાં સેલ્ફ ડેવલોપીંગ ઈન્ડસ્ટ્રીયલ ઝોને ધ્યાને લઈને નવા સબ સ્ટેશન ઉભા કરવાની જોગવાઈઓ પેહેલેથી કરવી.

(૪) ઓનલાઈન અરજી માટે પીજીવીસીએલ દ્વારા CPC સેન્ટર ઉભું કરેલ છે. તેમ છતાં સબડિવીઝન લેવલે અલગથી તમામ ડોકયુમેન્ટ હાર્ડકોપીમાં અલગથી માંગવામાં આવે છે. જેથી ઓનલાઈન CPC નું મહત્વ રહેતું નથી. તો તે માટે સંકલન કરવું જરૂરી છે.

(૫) તમામ પ્રકારના કનેકશનમાં ૩ વાગ્યા પછીના સમયમાં તેમજ જાહેર રજાઓના દિવસોમાં મીટર બળવુ, ટ્રાન્સફોર્મર, સીટી પીટી ખરાબ થવાના કિસ્સામાં કામકાજ બંધ રહે છે. તો આ અંગે યોગ્ય ઉકેલ લાવવો જરૂરી છે. જેથી વેપાર-ઉધોગકારોને મુશ્કેલી ન પડે.

(૬) નવા વિકસીત ઔધોગીક વિસ્તારોમાં અલગથી 11KV ફિડરમાંથી પાવર મળે તેવું આયોજન કરવું. હાલ ગ્રામ્ય ફિડરમાંથી પાવર મળતો હોવાથી ટ્રીપીંગ આવે છે અને ફીડર બંધ રહેવાની સમસ્યા વધારે હોય તેથી અલગ વ્યવસ્થા કરવી.

(૭) નવા વિકસતા ઔધોગીક એરીયામાં કનેકશન અને ફીડરની સંખ્યાને ધ્યાને લઈ માલ મટીરીયલ અને મેઈન્ટેનન્સ માટે વાહન ફાળવવા અને શકય હોય ત્યાં અલગ સબડિવીઝનની અથવા ફોલ્ટ સેન્ટરની વ્યવસ્થા કરવી.

(૮) એચ.ટી. વિજજોડાણમાં હાલ ફીકસ ચાર્જ અમલ હોય તેવા સંજોગોમાં અંડરગ્રાઉન્ડ કેબલ ચાર્જ કવોટેશનમાં બીનજરૂરી લગાવવામાં આવે છે. આવા કામો અગાઉ પીજીવીસીએલ દ્વારા સલામતીને ધ્યાને લઈને થવા જોઈએ તે થતા નથી.

(૯) હાલ વિકસીત ભારત અને રીન્યુએબલ એનર્જી માટે કેન્દ્ર અને રાજય સરકાર દ્વારા કામગીરી માટેની પોલીસી ચાલુ હોય ત્યારે કોર્પોરેટ તથા ડીસ્કોમની વિવિધ કચેરીઓના કામકાજનો ભારણ ખુબ જ વધુ હોવાથી તે માટે યોગ્ય વ્યવસ્થા ગોઠવવી.

(૧૦) રીબડા સબ સ્ટેશનની કામગીરી જે વિલંબમાં ચાલી રહી છે. તેનું તાત્કાલીક નિરાકરણ લાવવું.

પીજીવીસીએલના એમડીશ્રીમતી પ્રિતી શર્મા મેડમએ રાજકોટ ચેમ્બર દ્વારા કરાયેલ રજુઆતોના પ્રત્યુતરમાં જણાવેલ કે, ખાસ કરીને રૂરલ એરીયામાં જયાં જયાં ટ્રીપીંગની સમસ્યા આવે છે તે માટે અન્ડર ગ્રાઉન્ડ કેબલ તેમજ MBCC ઈન્ટરનેશનલ પ્રોજેકટ માટે કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. તેમજ નેટવર્કને સ્ટ્રોંગ કરવા માટે આશરે ૮૦ જેટલા ફીડરો માટે ટેન્ડરીંગનું કામ ચાલી રહયું છે. જેથી કરીને મોટાભાગના વિજળીના પ્રશ્નોનું નિરાકરણ આવી જશે. તેમજ એગ્રીકલ્ચરને પુરતો પાવર મળી રહે તે માટે આશરે ૮૮ કરોડનો પ્રોજેકટ એપ્રુવ કરાયેલ છે. તેમજ મેઈન્ટેનન્સ માટે પણ તાત્કાલીક ટીમ ફાળવવામાં આવશે. આમ એમડી સાહેબએ આ ઓપન હાઉસને ખુબ જ ગંભીરતાથી લઈ ત્વરીત પગલા લેવાનું આશ્વાસન આપેલ હતું.
ત્યાર બાદ વિવિધ એસોસીએશનોના પ્રતિનિધિઓ તથા આમ જનતાઓ દ્વારા પોત પોતાના વ્યકિતગત પ્રશ્નો જેવા કે નવા મિટર કનેકશન, લોડ વધારો, સ્માર્ટ મિટર, થ્રી ફેઈઝ કનેકશન, નામ ટ્રાન્સફર, વિગરે અંગેની રજુઆતો કરવામાં આવેલ હતી.

આમ આ ઓપન હાઉસમાં એમડીશ્રીમતી પ્રિતી શર્મા મેડમએ તમામના પ્રશ્નોને શાંતિપુર્વક સાંભળી અને હકારાત્મક અભિગમ દાખવેલ હતો. તેમજ રાજકોટ ચેમ્બરએ મધ્યસ્થી રહી આ ઓપન હાઉસમાં મોટાભાગના પ્રશ્નોનું પીજીવીસીએલના એમડીશ્રી તથા અધિકારીશ્રીઓએ સ્થળ પર જ નિરાકરણ લાવવામાં આવેલ હતું અને રાજકોટ ચેમ્બરની આ કામગીરીને વધાવેલ હતી.

આ કાર્યક્રમના દિવસે જ રાજકોટ ચેમ્બર દ્વારા ચીફ એન્જીનીયર(ટેક) શ્રી આર. સી. પટેલએ જે બહોળા અનુભવનો યોગદાન આપેલ હતું તેમજ ખુબ જ ખંતથી કામ કરેલ છે તે બદલ વિદાય સમારંભ યોજી શ્રી શિવલાલભાઈ બારસીયા તથા શ્રી અશોકભાઈ વિરડીયા દ્વારા શાલ-બુકે આપી સન્માનીત કરેલ હતા.

કાર્યક્રમના અંતે જીઆઈડીસી લોધીકા ઈન્ડસ્ટ્રીયલ એસોસીએશનના પ્રમુખશ્રી નરેન્દ્રસિંહ જાડેજાએ ઓપન હાઉસનું આયોજન કરવા બદલ મેનેજીંગ ડિરેકટરશ્રી, અધિકારીશ્રીઓ તેમજ ઉપસ્થિત વિવિધ એસોસીએશનોના પ્રતિનિધિઓ અને આમ જનતા પ્રત્યે આભારની લાગણી વ્યકત કરેલ હતી. તેમ રાજકોટ ચેમ્બરની અખબારી યાદીમાં જણાવેલ છે.